**વહીવટી મંજુરી બાબત.**

વિષયઃ- તાલુકા મથકોને તાલુકા મથકો સાથે જોડતાં તેમજ તાલુકા મથકોને જિલ્લા મથકો સાથે જોડતાં માર્ગો સુધારવા અને સંગીન બનાવવા **(સાગરખેડુ સર્વાંગી વિકાસ યોજના સહિત)**

**(નો.બ.આ.નં.૨૪/૨૩૬)**

ગુજરાત સરકાર,
માર્ગ અને મકાન વિભાગ,
ક્રમાંક નં:- **RBD/WRT/e-file/16/2023/2785/Section C**
(પરચ/૧૦/૨૦૨૩/૬૮૧/સી.)
સચિવાલય, ગાંધીનગર
તા.૨૦-૦૭-૨૦૨૩

**ઠરાવઃ-**

વર્ષ ૨૦૨૩-૨૪ ના નોર્મલ બજેટના મુખ્ય સદર ૫૦૫૪ની લમ્પ આઈટમ નં. ૨૪/૨૩૬ ની જોગવાઈ સામે **ભરૂચ** જિલ્લા માટે નીચે દર્શાવેલ રસ્તાના અનુભાગને "તાલુકા મથકોને તાલુકા મથકો સાથે જોડતાં તેમજ તાલુકા મથકોને જિલ્લા મથકો સાથે જોડતાં માર્ગો સુધારવા અને સંગીન બનાવવા (સાગરખેડુ સર્વાંગી વિકાસ યોજના સહિત)" માટે નીચેની શરતોએ રૂ.૨૮.૦૦ કરોડ (અંકે રૂપીયા અઠ્ઠાવીસ કરોડ પુરા) ની અંદાજીત રકમની વહીવટી મંજુરી આપવામાં આવે છે.

| ક્રમ | જિલ્લો | રસ્તાનું નામ | કામગીરી | લંબાઈ કિ.મી.માં | અં.રકમ રૂ.કરોડમાં |
|---|---|---|---|---|---|
| ૧ | વડોદરા | ગોત્રી સેવાસી - સિંધરોટ રોડ | વાઇટ ટોપીંગ | 7.40 | 28.00 |

**શરતઃ-**

૧. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

૨. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

૩. આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/ પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

૪. આ મંજુરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિંધ્ધાતોનો અમલ કરવાનો રહેશે.

૫. આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

૬. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનુ ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૭. બાંધકામના કામોની દરખાસ્તોની મંજુરી માટે વિભાગે તાત્કાલિક પ્રવર્તમાન એસ.ઓ.આર. મુજબ નકશા- અંદાજો તૈયાર કરી સક્ષમ સત્તાઅધિકારીની તાંત્રિક મંજૂરી મેળવવાની રહેશે.

૮. બાંધકામના કામોમાં પી.ડબલ્યુ.ડી. મેન્યુઅલની જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.

૯. સૂચિત કામો પૈકી જે કામો MNREGA હેઠળ આવરી લેવાય તેમ હોય તેવા કામોનો ખર્ચ MNREGA યોજના હેઠળ ઉધારવામાં આવે તે અંગેની વિભાગે તકેદારી રાખવાની રહેશે.

૧૦. આ કામ માટે જમીન સંપાદન કરવાની જરૂરીયાત હોય તેવા સંજોગોમાં જમીન સંપાદન અંગેની કાર્યવાહી વિભાગ કક્ષાએ સત્વરે પૂર્ણ કરાવી લેવાની રહેશે અને જમીન સંપાદન અંગેની કામગીરી પૂર્ણ કર્યાબાદજ વર્ક ઓર્ડર આપવાના રહેશે.

૧૧. રેલ્વે, વન અને પર્યાવરણ વિભાગ, પ્રદુષણ નિયંત્રણ બોર્ડની મંજૂરી કે જમીન સંપાદનની આવશ્યકતા જણાતી હોય તો આવી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે. આવા જરૂરી કલીયરન્સ મેળવવામાં જો

વિલંબ થવાનું જણાય તો વર્કઓર્ડર આપતાં પહેલા જરૂરી ચોકસાઇ કરી લેવાની રહેશે.

૧૨. આ કામની ડીઝાઇન તૈયાર કરતી વખતે અને યોજનાનાં અમલીકરણમાં સુરક્ષા અંગેના ધોરણો અને ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીની માર્ગદર્શક સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૩. મંજુર થયેલ અંદાજોમાં કોઇ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજુરી સમયસર મેળવવાની પુરતી તકેદારી રાખવાની રહેશે.

૧૪. આ અંદાજમાં સૂચવેલ કામો મુજબ જ કામ કરવાનું રહેશે, અને જે કામો થાય તેનું જ ચુકવણું કરવાનું રહેશે.

૧૫. આ બાંધકામ **Recapitulation sheet** પ્રમાણે દર્શાવેલ અંદાજોની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

૧૬. બાંધકામ અંગેની કામગીરી સંદર્ભે સરકારશ્રીની મંજુરીથી જો કોઈ અલાયદા એકમને બાંધકામની જવાબદારી સોંપવામાં આવી હોયતે સિવાયના બાંધકામના તમામ કિસ્સાઓમાં રાજય સરકારના માર્ગ અને મકાન વિભાગ મારફત જ કામગીરી કરાવવાની રહેશે.

૧૭ આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉધોગ અને ખાણ વિભાગના તા.૦૩/૦૬/૨૦૧૬ ના ઠરાવ ક્રમાંક: એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઈ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૮. જો બાંધકામ શરૂ કરતા પહેલા યુટીલીટી, પાણીની લાઇન, ગટરની લાઇન અને વીજ લાઇન વગેરે ખસેડવા પાત્ર હોઇ તેમજ વન વિભાગની જમીનમાં કામ કરવા માટે સક્ષમ અધિકારીની પૂર્વ મંજુરી મેળવવાની હોય તો આ તમામ કામગીરી પૂર્ણ કર્યા પછી જ ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવાની રહેશે. અન્યથા મંજૂરી અભાવે ઈજારદારશ્રી દ્વારા અધુરા કામે મુક્ત કરવા માટે રજૂઆત કરવામાં આવશે તો તે અંગેની સઘળી જવાબાદારી આપની રહેશે.

૧૯. આ યોજના ના આયોજન અને અમલીકરણ માટે **GIDB** ના તા: ૩૦/૩/૨૨ ના પત્ર મુજબ **PM Gati Shakti Gujarat – Integrated Master plan Portal** સાથે **Linkage** કરી **Integration Completion Certificate with unique Project Id** મેળવી લેવાનું રહેશે.

૨૦. પ્રસ્તુત કામની ખૂટતી રકમ સુધારેલા અંદાજો, વધારાની અધિકૃતિ, પુનર્વિનિયોગ હેઠળ મેળવી લેવાની તથા આગામી વર્ષમાં પૂરતી બજેટ જોગવાઇ કરાવી લેવાની રહેશે.

૨/– આ કામ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક:૮૬, મુખ્યસદર ૫૦૫૪– માર્ગ અને પુલ અંગે મુડી ખર્ચ જોગવાઈ, ગૌણ સદર ૩૩૭, પેટા સદર ૧૧, મુળ કામો રાજય ધોરીમાર્ગ સદરે ઉધારવું અને તે કામ માટે મંજુર થયેલ ગ્રાન્ટમાંથી ખર્ચ કરવો.

૩/– આ આદેશો ઈ-સરકાર પોર્ટલ પર અધિક સચિવશ્રી (ખર્ચ) નાણા વિભાગની તા.૧૧/૦૭/૨૦૨૩ ના રોજ મેળવેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

Chaudhari
(એમ.એમ.ચૌધરી)
ઉપસચિવ (રા.ર.)
માર્ગ અને મકાન વિભાગ

રવાના કર્યું
24 JUL 2023

પ્રતિ, અધિક્ષક ઈજનેરશ્રી, (મા.મ.) વર્તુળ, વડોદરા.

**નકલ રવાના:-**

૧. એકાઉન્ટ જનરલ (એ.એન્ડ.ઈ.) ગુજરાત રાજય, અમદાવાદ.
૨. કાર્યપાલક ઈજનેરશ્રી, જિલ્લા (મા.મ.) વિભાગ, વડોદરા.
૩. ઉપ સચિવશ્રી (રા.ર.) મા.મ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૩. બ/ઝ-શાખા, મા.અને મ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૪. મુ.ઈ.(મા.મ) અને અ.સ.શ્રી, ના અંગત મદદનીશ, ૧૪/૨, નવા સચિવાલય, ગાંધીનગર.
૫. સિલેકટ ફાઈલ-સી શાખા.

રજી. પોસ્ટ થી / ઘણોજ અગત્યનો.

ક્રમાંક:-એસએચઆર/૨૫/૨૦૨૩/૮૧૭/સી.

ગુજરાત સરકાર,
માર્ગ અને મકાન વિભાગ,
સચિવાલય, ગાંધીનગર
તા.૦૯/૦૬/૨૦૨૩

| POST-SEEN | |
|---|---|
| Tab | |
| A.S.O. | 12/6 |
| D.A.O. | |
| Ex. Engr. | 13/6 |
| In. No. | 822 |
| Date | 13/06 |
| City R&B Dn. Vadodara | |

પ્રતિ,
અધિક્ષક ઈજનેરશ્રી,
વડોદરા (મા.મ.) વર્તુળ, વડોદરા.

તાંત્રિક મંજુરી.

વિષય:- સ્ટ્રેન્ધનીગ ઓફ ગોત્રી-સેવાસી- સિંધરોટ રોડ કિ.મી.૨/૩૦૦ થી ૮/૨૫૦ જિ.વડોદરા

સંદર્ભ:- અ.ઈ.શ્રીનો પત્ર ક્રમાંક:- પીબી/શહેર વડોદરા/ગોત્રી સેવાસી સિંધરોટ રોડ/સી-૨૫૮/ ૨૯૬૯/સને ૨૦૨૩. તા.૫/૬/૨૦૨૩

યાદી:-

ઉપરોકત વિષય હેઠળના કામ માટે **રૂા.૨૮,૦૦,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા અઠયાવીસ** સરકારશ્રીના તા.૧૭/૫/૨૦૨૩ના ઠરાવ ક્રમાંક:-પરચ/૧૦૨૦૨૩/૬૮૧/સી થી **કરોડ પુરા)** જેને સૈધ્ધાંતિક મંજુરી આપવામાં આવેલ છે. આ કામના અંદાજોને **રૂા.૨૭,૪૮,૭૧,૦૦૦.૦૦** (અંકે **રૂપિયા સત્યાવીસ કરોડ અડતાલીસ લાખ એકોતેર હજાર પુરા)** ની વિગતવાર તથા **રૂા.૨૭,૯૯,૫૬,૦૦૦.૦૦ (અંકે રૂપિયા સત્યાવીસ કરોડ નવ્વાણું લાખ છપ્પન હજાર પુરા)** ની સમગ્ર તાંત્રિક મંજુરી નીચેની શરતોએ મંજુરી આપવામાં આવે છે.

શરત:-

(૧) વર્ક ઓર્ડર આપતાં પહેલાં રસ્તા પરના દબાણો દૂર કરવાના રહેશે તથા આર.ઓ.ડબલ્યુ ખુલ્લી કરાવવાની રહેશે અને જરૂર જણાયે રી-ડીઝાઈન કરાવવાની રહેશે.

(૨) કેનાલ સ્ટ્રકચર પહોળુ કરવાની કામગીરી આ સાથે શરૂ કરવાની રહેશે તથા નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ પાસે જરૂરી મંજુરી પ્રથમ મેળવી લેવાની રહેશે.

૨/- આ સાથે મોકલવામાં આવેલ નકશા તથા તેની સાથે તેની પારદર્શક કાગળ પરની નકલો મારી સહી માટે વેળાસર મોકલશો.

૩/- નકશા તથા અંદાજોની એક નકલ સચિવાલયના રેકર્ડ માટે રાખી લેવામાં આવેલ છે.

(પી.આર.પટેલીયા)
મુખ્ય ઈજનેર (મા.મ.) અને અધિક સચિવ,
માર્ગ અને મકાન વિભાગ

બિડાણ:- નકશા અંદાજાની ફાઈલો.

નકલ રવાના:-

૧. એકાઉન્ટન્ટ જનરલશ્રી (એ. એન્ડ ઈ.) ગુજરાત રાજ્ય, અમદાવાદ.
૨. કાર્યપાલક ઈજનેરશ્રી, શહેર (મા.મ.) વિભાગ, વડોદરા.
૩. બજેટ શાખા, મા.મ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૪. ઝ-શાખા, મા.મ.વિભાગ સચિવાલય, ગાંધીનગર.
૫. શાખા સીલેકટ ફાઈલ/સી.

B-2
4463
13/6/23

ક્રમાંક -SHR/25-2023/817/C.

ગુજરાત સરકાર,
માર્ગ અને મકાન વિભાગ
સચિવાલય, ગાંધીનગર
તા.૧૦/૦૭/૨૦૨૩

વિષય: ડીટીપી: સ્ટ્રેન્થનીંગ ઓફ ગોત્રી-સેવાસી-સિંધરોટ રોડ કિ.મી. ૨/૩૦૦ થી ૮/૨૫૦ જી.વડોદરા (વ્હાઇટ ટોપીંગ)

યાદી:–

ઉપરોક્ત વિષયને લગતા તેમના તા.૩૦-૦૬-૨૦૨૩ના પત્ર ક્રમાંક: પીબી/શહેર વડોદરા/૨૦૨૩-૨૪/ગોત્રી-સેવાસી-સિંધરોટ રોડ/વ્હાઇટ ટોપીંગ/સી-૩૯૨/૩૬૮૭/૨૦૨૩ અનુસંધાને અધિક્ષક ઈજનેરશ્રી, (મા.મ.) વર્તુળ, વડોદરાને જણાવવાનું કે, સદર પત્રથી સાદર કરેલ રૂા.૨૧,૪૮,૬૯,૯૭૮.૪૩ (અંકે એકવીસ કરોડ અડતાલીસ લાખ અગણોસીતેર હજાર નવસો ઇઠયોતેર રૂપિયા અને ત્રેતાલીસ પૈસા પુરા)ની રકમના રજુ થયેલ ડીટીપી ને મુખ્ય ઈજનેર (મા.મ.) અને અધિક સચિવશ્રીએ મંજુરી નીચેની શરતોને આધિન આપેલ છે

શરતો:–

(૧) ટેન્ડરની ખાલી જગ્યાઓ નિયમાનુસાર ભરવાની રહેશે.
(૨) ટેન્ડરની કોપી આપવાનો અને પરત લેવાનો ગાળો નોટીસ પીરીયડ પ્રવર્તમાન નિયમોનુસાર સુનિશ્ચિત કરવાનો રહેશે.
(૩) ઈન્ડેક્ષ પ્લાન તથા નમુનાનો આડછેદ ટેન્ડર સાથે આપવાનો રહેશે.
(૪) ડી.ટી.પી. માં છાપેલી વિગતો અને ટાઈપ થયેલ વિગતો અથવા અન્ય ભાષાદોષની વિગતો ચકાસી સુધારવાની રહેશે.
(૫) ડી.ટી.પી. માંથી વધારાના પત્રકો દુર કરવાના રહેશે. કોરા ટેન્ડર્સ વિતરણ કરતા પુર્વે તેમાં સિમેન્ટ, સ્ટીલ, આસ્ફાલ્ટના વપરાશનો જથ્થો અને સ્ટાર રેઈટ દર્શાવવાના રહેશે.
(૬) કામગીરીમાં વાપરવાની મટીરીયલ્સ માટે કરવાના થતા ટેસ્ટ માટે સરકારશ્રીનાં તા.૨૪/૧૦/૯૪ ના હુકમ ક્રમાંક:–એસએસઆર/૧૦૯૪ આઈબી/૧૨૯/૧૦/સ, નો અમલ કરવાનો રહેશે.
(૭) માલસામાન માટેની જરૂરીયાત અને ધોરણો અંગેની વિગતોનો પણ ડી.ટી.પી.માં સ્પેશીફીકેશન સાથે સમાવેશ કરવાનો રહેશે.
(૮) ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનું આયોજન કરી ટેન્ડર માંગવાના રહેશે.
(૯) ડી.ટી.પી.ના સ્ટાર રેટ ડીટીપી જે મહિનામાં મંજુર થાય તે સમયના લેવાના રહેશે.
(૧૦) કામની સમયમર્યાદા ૧૨ (બાર) માસની રહેશે.
(૧૧) મા.મ.વિભાગના પ્રવર્તમાન તમામ પરિપત્રો અપલોડ કરતા પહેલાં ડીટીપોમાં ઉમેરવાના રહેશે. આ બાબતે કા.ઈ.શ્રીએ ચકાસણી કરવાની રહેશે.
(૧૨) કા.ઈ.શ્રીએ ટેન્ડર અપલોડ કરતા પહેલાં વિભાગના તમામ પરિપત્રો જોડવાના રહેશે અને રજીસ્ટ્રેશન તથા પ્રિકવોલિફિકેશનના કાયટેરિયા ચકાસવાના રહેશે.
(૧૩) સદર કામની વહીવટી મંજુરી મેળવ્યા બાદ ટેન્ડર અપલોડ કરવાનું રહેશે.

Raj.
(એસ.બી.રાજ)
ઉપસચિવ (રા.ર.)
માર્ગ અને મકાન વિભાગ

બિડાણ:– ઉપર મુજબ.

પ્રતિ, – અધિક્ષક ઈજનેરશ્રી, (મા.મ.) વર્તુળ, વડોદરા.

11/7/23

નકલ રવાના:

(૧) કાર્યપાલક ઈજનેરશ્રી, શહેર (મા.મ.) વિભાગ, વડોદરા
(૨) સિલેક્ટ ફાઈલ શ્રી. શાખા, મા.મ.વિભાગ

જરૂરી/ખાનગી/રજી.પોસ્ટ

ક્માંક: SHR/252023/817/C

RBD/VCF/e-file/16/2023/6673/Section C

ગુજરાત સરકાર

માર્ગ અને મકાન વિભાગ,

સચિવાલય, ગાંધીનગર,

તારીખ:- ૧૩/૦૨/૨૦૨૪

વિષય:- ટેન્ડર મંજૂર કરવા બાબત.

સ્ટ્રેન્થનીંગ ઓફ ગોત્રી-સેવાસી-સિંઘરોટ રોડ કિમી ૨/૩૦૦ થી ૮/૨૫૦ તા. વડોદરા (વ્હાઈટ ટોપીંગ)(બીજી વખત)

યાદી:

ઉપર્યુક્ત વિષયને લગતા તેમના તા.૧૨/૧૨/૨૦૨૩ના પત્ર ક્માંકઃ ટીસી/શહેર વડોદરા/૧૬/૨૩-૨૪/૭૦૩૮ ના અનુસંધાને અધિક્ષક ઇજનેરશ્રી, (મા.મ.) વર્તુળ, વડોદરાને જણાવવાનું કે રૂ.૨૧,૪૮,૬૯,૯૭૮.૪૩/-ની ટેન્ડરમાં મુકેલ અંદાજી કિંમત સામે રૂ. ૨૫,૪૨,૬૨,૬૫૪.૦૮/- (૧૮.૩૩% ઉંચું) કિંમતનુ રૂ.૩,૯૩,૯૨,૬૭૫.૬૫/- ના વધારા સાથે વાટાઘાટ બાદનું સૌથી ઓછા ભાવના ઈજારદારશ્રી રાજેશ કાન્સ્ટ્રક્શનનું ટેન્ડર સરકારશ્રીએ નીચેની શરતે મંજૂર કરેલ છે.

શરતો:

1) બજેટ જોગવાઇ અને ગ્રાન્ટની ફાળવણીની મર્યાદામાં રહી ખર્ચ કરવાનો રહેશે તેમજ આવતા વર્ષના અંદાજપત્રમાં પુરતી જોગવાઇ કરાવી લેવાની રહેશે.

2) ટેન્ડરમાં જણાવેલ આઇટમ વાઇસ કામ નિયત ગુણવત્તા મુજબ થાય તેની તકેદારી અને અન્વેષણ વિભાગીય/વર્તુળ કચેરીએ કરવાનું રહેશે. જો કામની ગુણવતા ઉતરતી કક્ષાની માલુમ પડશે તો તેની સંપુર્ણ જવાબદારી વિભાગીય/વર્તુળ કચેરીની રહેશે.

3) ટેન્ડરની જોગવાઇ મુજબ સમય મર્યાદામાં કામ પૂર્ણ થાય તે અંગે ટેન્ડરની જોગવાઈની શરતોનું ચૂસ્તપણે પાલન થાય તેનું વિભાગીય/વર્તુળ કચેરીએ ધ્યાન રાખવાનું રહેશે.

4) સદરહું ટેન્ડરમાં જે આઇટમના ભાવ બહુ જ નીચા છે તેવી આઇટમના કામોને તેમજ તેની ક્વોલીટીને અસર ના થાય તે અંગે વિભાગીય/વર્તુળ કચેરીએ ઈજારાદાર પાસેથી યોગ્ય લેખિત ગારન્ટી લેવાની રહેશે.

5) At the time of actual execution of work, કોઇ Imbalance Item ના લીધે અન્ય કોઇ પણ ઇજારદાર 1st lowest ન થાય તેની તકેદારી લેવાની રહેશે.

6) આ કામમાં Extra Items/Excess Items (જથ્થા વધારો) સક્ષમ કક્ષાએથી પૂર્વ મંજુરી મેળવ્યા બાદ જ કરવામાં આવે તેની વિભાગે તેમજ વર્તુળ કચેરીએ ખાસ તકેદારી રાખવાની રહેશે.

7) ટેન્ડરમાં પૂર્વલાયકી માપદંડો અનુસાર ઇજારાદાર દ્રારા જરૂરી મશીનરી તથા મેન પાવરની જોગવાઇ કરવાની રહેશે. આ અંગેનું મોનીટરીંગ કામનો હવાલો ધરાવતા ઇજનેર કરી તે અંગેનો અહેવાલ વિભાગને મોકલવાનો રહેશે.

8) ટેન્ડર ડોક્યુમેન્ટમાં એજન્સી તરફથી રીબેટની રકમ દર્શાવવામાં આવેલ હોય તો, એજન્સી તરફથી રજુ કરવામાં આવે તેવા સળંગ બીલમાંથી બાદ કરી આખરી રકમ ચુકવવાની રહેશે.

9) પ્રસ્તુત કામગીરી માટે જરૂરી હોય ત્યાં ડિટેઇલ સર્વે, ઇન્વેસ્ટીગેશન તથા જ્યાં જરૂરી હોય ત્યાં લોક સહકાર વન વિભાગની પૂર્વ મંજુરી જમીન સંપાદન મેળવ્યા બાદ જ વર્ક ઓર્ડર આપવાનો રહેશે. પ્રસ્તુત કારણોસર સમય મર્યાદા વધારાના કિસ્સામાં ટેન્ડર ના કોઇ પણ કલોઝ ની જોગવાઇ થી નાણાકીય ચુકવણાની મંજુરી આપી શકાશે નહી.

10) ટેન્ડરની અંદાજીત રકમ સામે સૌથી ઓછા ભાવના ઈજારદાર ભરેલ ભાવ અસાધારણ નીચા હોઈ, માર્ગ અને મકાન વિભાગના તા: ૨૭/૧૧/૨૦૦૮ના પરિપત્ર તેમજ વખતોવખતની સુચના ધ્યાને લઈને ઈજારદારને ચુકવણી કરવાની રહેશે.

11) આ યોજના ના આયોજન અને અમલીકરણ માટે GIDB ના તા:-૩૦/૦૩/૨૦૨૨ ના પત્ર મુજબ PM Gati Shakti Gujarat-Integrated Master plan Portal સાથે Linkage કરી Integration Completion Certificate with unique Project Id મેળવી લેવાનું રહેશે.

12) All Agencies intending to carry out excavation have to carry out any type of excavation/digging only after prior intimation through "call before U Dig" mobile application.

13) ઈજારદારશ્રીનો તા.૨૯/૧૨/૨૦૨૩નો વાટાઘાટનો પત્ર ટેન્ડરનો ભાગ ગણાવાનો રહેશે.

૨, આ હુકમ અધિક મુખ્ય સચીવશ્રી(ના.વિ.)ની તા:૦૮/૦૨/૨૦૨૪ ના રોજ સમાનાંકી E-sarkar ફાઈલ ઉપરની નોંધથી મળેલ અનુમતી થી બહાર પાડવામાં આવેલ છે.

(એમ.એમ.ચૌધરી)
ઉપ સચિવ(રા.ર)
માર્ગ અને મકાન વિભાગ

પ્રતિ,

➢ અધિક્ષક ઈજનેરશ્રી,
માર્ગ અને મકાન વર્તુળ,
વડોદરા

નકલ રવાના:-

1. મુ.ઈ.(દ.ગુ.) અને અ.સ.શ્રીનુ કાર્યાલય
2. એકાઉન્ટન્ટ જનરલશ્રી (એ.એન્ડ ઈ.) ગુજરાત રાજ્ય અમદાવાદ.
3. કાર્યપાલક ઈજનેરશ્રી, શહેર (મા.મ) વિભાગ, વડોદરા.
4. બજેટ શાખા મા.મ.વિભાગ સચિવાલય, ગાંધીનગર.
5. શાખા સિલેક્ટ ફાઈલ-૨૦૨૩

**NAME OF ROAD :-** VADODARA GOTRI SEVASI SINDHROT UMETA ROAD (S.H.11) K.M. 0/00 TO 9/700

# INDEX MAP

CITY (R & B) DIVISION, VADODARA

M.S (R & B) SUB DIVISION, VADODARA

## REFERANCE TO COLOUR


- National Highway
- State Highway
- Major District Roads
- Other Roads
- Village Roads
- Railway Line
- Road Shown




DY. EXECUTIVE ENGINEER
MULTY STOREY SUB DIVISION
VADODARA

EXECUTIVE ENGINEER
CITY (R&B) DIVISION
VADODARA

CCS : 9824353327


જીલ્લો : વડોદરા
વડોદરા તાલુકો
વડોદરા
વાઘોડીયા
પાદરા
પાદરા તાલુકો
ડભોઈ તાલુકો
ડભોઈ
આંકલાવ
કરજણ તાલુકો